# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાજ્યમાં આઈ-ખેડૂત પોર્ટલનો બીજો તબક્કો શરૂ કરવાની કૃષિમંત્રી રાઘવજી પટેલની જાહેરાત
2. વિધાનસભામાં કૃષિ તથા માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ સર્વાનુમતે મંજૂર
3. પેટ્રોલ અને ડીઝલના વેરાના દરમાં ઘટાડાથી રાજ્યનાં નાગરિકોને છેલ્લાં બે વર્ષમાં 4 હજાર 820 કરોડ રૂપિયાનો લાભ
4. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો સરકારી કર્મચારીઓને કચેરીમાં વીજ બચત કરવા અનુરોધ
5. અવકાશયાત્રી સુનિતા વિલિયમનાં પૃથ્વી પર સફળ ઉતરાણ માટે વતન મહેસાણાનાં ઝુલાસણમાં પ્રાર્થના અને રામધૂન

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA AGRI DEMANDS

રાજ્યમાં આઈ-ખેડૂત પોર્ટલને મળેલી સફળતા બાદ તેને વધુ કાર્યક્ષમ અને ખેડૂત ઉપયોગી બનાવીને આગામી સમયમાં "આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦" કાર્યરત કરવામાં આવશે.

વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરી હતી. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં કૃષિ મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા બે દાયકામાં રાજ્યના બાગાયતી પાકોનો વિસ્તાર 10 લાખ હેક્ટરથી વધીને 22 લાખ હેક્ટર અને ઉત્પાદન 94 લાખ મેટ્રીક ટનથી વધીને 269 લાખ મેટ્રીક ટન નોંધાયું છે.

તેમણે જણાવ્યું કે, છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં 16 લાખ ખેડૂતો પાસેથી 16 હજાર કરોડ રૂપિયાનાં મૂલ્યનો ૩૦ લાખ મેટ્રિક ટન જથ્થો ટેકાના ભાવે ખરીદવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીએ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ડિજિટલાઈઝેશન, ખેડૂત કલ્યાણ, પાક સંરક્ષણ, કૃષિ યાંત્રિકીકરણ અને ઉજ્જવળ ભવિષ્ય માટેની કૃષિ એમ કુલ પાંચ આયામોની વિસ્તૃત માહિતી આપી હતી.

ચર્ચાને અંતે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# Information and Broadcasting Department

વિધાનસભા ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની ૨૩૨ કરોડ ૯૭ લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરવામાં આવી હતી.

આ અંગે મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રાને માહિતી અને પ્રસારણ વિભાગ સમગ્ર વિશ્વમાં ઉજાગર કરી રહ્યો છે. માહિતી વિભાગની નવીન પહેલ 'મારી યોજના પોર્ટલ' ગુજરાત અને ભારત સરકારની ૬૮૦ થી વધુ યોજનાઓની માહિતી એક જ ક્લિકમાં ઉપલબ્ધ કરાવે છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના ૨૧ વિભાગોમાં પી.આર. કમ સોશિયલ મીડિયા યુનિટ અને દરેક જિલ્લામાં સોશિયલ મીડિયા સેલ સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, ૭૪ કચેરીઓ ખાતે ડિજિટલ ડિસ્પ્લે ગોઠવીને નાગરિકોને જનહિતલક્ષી યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવશે.

. . . . . . . . . . . . .

# Kanu Desai -- Petrol Diesel

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના વેરાના દરમાં ઘટાડાથી નાગરિકોને છેલ્લા બે વર્ષમાં અનુક્રમે ૩ હજાર ૧૯૪ કરોડ રૂપિયા તથા ૧ હજાર ૬૨૬ કરોડ રૂપિયાનો લાભ થયો.

સરકારે નવેમ્બર ૨૦૨૧ના રોજ પેટ્રોલ પરના વેરાનો દર ૨૦.૧૦ ટકાથી ઘટાડીને ૧૩.૭ ટકા કર્યો છે. જયારે ડિઝલ ઉપરના વેરાનો દર પણ ૨૦.૨૦ ટકાથી ઘટાડીને ૧૪.૯ ટકા કર્યો છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્ય સરકારે આ વેરાના દરમાં કોઇ પણ પ્રકારનો વધારો કર્યો નથી.

આ ઉપરાંત પેટા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સીએનજી તથા પીએનજી પર વેરાનો દર ૧૫ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે.

સી એન જી અને પી એન જી પર વેરાનો દર ઘટાડવાથી છેલ્લાં બે વર્ષમાં નાગરિકોને અનુક્રમે ૫૯૯ કરોડ રૂપિયાનો, ૩૪૫ કરોડ રૂપિયાનો નફો થયો છે.

. . . . . . . . . . . . .

# Waste Water Treatment

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે વિધાનસભામાં જણાવ્યું કે, ઉદ્યોગમાંથી નીકળતા ગંદા પાણીને શુદ્ધ કરી ઉંડા દરિયામાં પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે નિકાલ કરવા સરકાર દ્વારા ડીપ સી ડિસ્પોઝલ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

એક પેટા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં સરીગામ, વાપી, સુરત, અંકલેશ્વર-ઝઘડીયા, અમદાવાદ અને જેતપુર માટે ડીપ-સી ડીસ્ચાર્જ યોજનાના અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેતપુર પ્રોજેક્ટ માટે પાઇપલાઇન નાખવા 10 કરોડ રૂપિયા અને અંકલેશ્વર ખાતે 61 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાયો છે.

. . . . . . . . . . . . .

# Feeder- Kanubhai Desai

બનાસકાંઠા, અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં તારીખ 31 ડિસેમ્બર 2024ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હયાત ફીડરમાંથી વિભાજન કરીને 29 કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચે 177 નવાં ફીડર કાર્યરત કરવામાં આવ્યા છે, તેમ આજે

વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં 119, અરવલ્લી જિલ્લામાં 18 અને મહેસાણા જિલ્લામાં 50 નવા ફીડર શરૂ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

## Jamnagr Dhrol Nagarpalika Election

જામનગર જિલ્લાની ધ્રોલ નગરપાલિકાના વોર્ડ નંબર-૭ની ચૂંટણી માટે આજે હાથ ધરાયેલી મત ગણતરીમાં ભાજપની પેનલનો વિજય થયો છે.

ઉલ્લેખનીય છે કે ધ્રોલ નગરપાલિકાની ચૂંટણીના પ્રચાર વખતે કોંગ્રેસના વોર્ડ નંબર-૭ ના ઉમેદવાર દશરથસિંહ જાડેજાનું અવસાન થતાં, આ વોર્ડની ચૂંટણી મુલતવી રહી હતી. રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ૮૧.૬૬ ટકા મતદાન થયું હતું.

આ અંગે જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી દિલીપ ભોજાણીએ વધુ માહિતી આપી.

**(બાઇટ- દિલીપ ભોજાણી, જિલ્લા ભાજપ મહામંત્રી, જામનગર)**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# ELECTRICITY SAVING GOVERNER

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સરકારી ઑફિસોમાં અધિકારીઓ - કર્મચારીઓને પોતાની ચેમ્બરમાં પ્રવેશે ત્યારે જ વીજ ઉપકરણો ચાલુ કરવા અને પોતાની ચેમ્બરમાંથી બહાર નીકળતી વખતે તમામ વીજ ઉપકરણો બંધ કરીને પછી જ નીકળવાનો અનુરોધ કર્યો છે.

આજે રાજ્યના માર્ગ-મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં શ્રી દેવવ્રતે ઉનાળામાં વીજ માંગમાં તીવ્ર વધારો થાય તે પહેલાં વીજળીની બચત માટે તાકીદે પગલાં લેવા સૂચનો કર્યા હતા. તેમણે લોકોને વીજળી બચતને પોતાનો ધર્મ સમજીને પ્રમાણિકતાપૂર્વક પોતાનું કર્તવ્ય નિભાવવા અને આદત બનાવવા અનુરોધ કર્યો હતો.

તેમણે સૂર્યોદયની 20 મિનિટ પહેલાં સ્ટ્રીટ લાઈટ ઑફ કરીને અને સૂર્યાસ્તની 20 મિનિટ પછી સ્ટ્રીટ લાઈટ ઑન કરીને દરરોજ 40 મિનિટ વીજળી બચાવવા સૂચન કર્યું હતું.

. . . . . . . . . . . . . .

# AMC SCHOOL EDUCATION

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કુલ બોર્ડ આગામી સત્રથી માધ્યમિક શાળા શરૂ કરશે. સાત ઝોનમાં સાત માધ્યમિક શાળાઓ શરૂ કરશે, જેને પગલે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ વિનામુલ્યે ધોરણ 10 સુધી અભ્યાસ કરી શકશે.

માધ્યમિક શાળા શરૂ થવાથી વિદ્યાર્થીઓને ફી, પુસ્તકો અને ગણવેશ સહિતની સુવિધાઓ વિના મુલ્યે મળી રહેશે. સ્કુલ બોર્ડના ચેરમેન સુજય મહેતાએ વધુ માહિતી આપતા જણાવ્યું કે....

**(BYTE SUJAY MEHTA )**

. . . . . . . . . . . . . .

# KUTCH DISTRICT TEACHERS

શિક્ષણ વિભાગ દ્વારા કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 5 સુધીમાં 2 હજાર 500 શિક્ષકોની તેમજ ધોરણ 6 થી 8 માં 1 હજાર 600 એમ કુલ 4 હજાર 100 શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે આ ભરતી પામેલા શિક્ષકો કાયમી કચ્છ જિલ્લામાં રહશે અને બદલી પણ નહીં કરાવી શકે તેવી શરત સાથે ભરતી કરવામાં આવશે.

જિલ્લામાં શિક્ષકોની વધારે ઘટ હોવાથી ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ડૉક્ટર કુબેરભાઈ ડીંડોર પ્રફુલભાઈ પાનશેરીયાને રૂબરૂ મળીને ભરતી કરવા રજૂઆત કરી હતી.

. . . . . . . . . . . . .

# SUNITA WILLIAMS - ZULASAN

મહેસાણા જિલ્લાનાં ઝુલાસણા ગામનાં વતની અવકાશયાત્રી સુનિતા વિલિયમ આવતી કાલે સવારે પૃથ્વી ઉપર પરત ફરશે. આ અંગે ઝુલાસણ ગામમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. સુનિતા વિલિયમ્સ અવકાશમાંથી સલામત પરત આવે તે માટે ગ્રામજનોએ પ્રાર્થના શરૂ કરી છે. ગામની અનુપમ પ્રાથમિક શાળા ખાતે રામધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને દોલા માતાજીના મંદિરમાં અખંડ જ્યોત ચાલુ છે.

આ અંગે ઝુલાસણની અનુપમ પ્રાથમિક શાળાના આચાર્ય વિશાલ પંચાલે વધુ માહિતી આપીઃ

(BYTE - VISHAL PANCHAL, ZULASAN)

. . . . . . . . . . . . .

# Godhra Civil Hospital – Knee Replacement

પંચમહાલ જિલ્લાની ગોધરા સિવિલ હોસ્પિટલમાં સૌપ્રથમવાર ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરીની શરૂઆત કરવામાં આવી છે, 3D ટેક્નોલોજી આર્ટિફિશીયલ ટેકનિકની મદદથી બે દર્દીઓના ઘૂંટણ બદલવાની સફળતાપુર્વક સર્જરી કરવામાં આવી છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જન ડૉ.અભિરાજ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ વિનામુલ્યે કરવામાં આવેલ સમગ્ર જિલ્લાનું આ પ્રકારનું પ્રથમ ઓપરેશન છે.

. . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ચાર દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ ભેજયુક્ત પવનોને કારણે બે દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં બફારો અનુભવાશે. આગામી અઠવાડિયામાં અનેક જિલ્લાઓમાં  ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસને વટાવી જશે.

છેલ્લા 24 કલાક દરમિયાન  રાજ્યમાં મહત્તમ તાપમાન રાજકોટમાં 38 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે આજે મોટા ભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન 38 થી 39 ડિગ્રી આસપાસ રહેવાની આગાહી છે.

આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુ માહિતી આપી....

**(BYTE - RAMASHREY YADAV)**

. . . . . . . . . . . . .

# Train

વિલાસપુર ડિવિઝનમાં બ્લોક લેવાને કારણે પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ ટ્રેનના ચાર ફેરા રદ કરવામાં આવ્યા છે.

પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ આગામી 9, 10, 16 તેમજ 17 એપ્રિલે રદ રહેશે. તેવી જ રીતે શાલીમાર-પોરબંદર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ 11, 12, 18 અને 19 એપ્રિલના રોજ રદ રહેશે.

. . . . . . . . . . . . .